**Parimal Nathwani**
Member of Parliament
(Rajya Sabha)

**Member:**
Standing Committee on Personnel, Public Grievances, Law & Justice
Consultative Committee, Ministry of Commerce and Industry
**Permanent Special Invitee:**
Consultative Committee, Ministry of External Affairs

सत्यमेव जयते

165, South Avenue,
New Delhi - 110 011
Ph.: 011-23794010
e-mail : parimal.nathwani@sansad.nic.in

B/107, Harmu Housing Colony, P. O. Doranda,
P. S. Argora, Ranchi - 834 012
Ph. : 0651-2244144

**અખબારી યાદી**

# ગિરના સિંહને રાષ્ટ્રીય પ્રાણી જાહેર કરો : રાજ્ય સભા સભ્ય શ્રી નથવાણીની અપીલ

**માર્ચ ૧૩, ૨૦૧૨ :** આજે રાજ્ય સભા સાંસદ શ્રી પરિમલ નથવાણીએ વિશ્વ પ્રસિદ્ધ ગિરના એશિયાટિક સિંહોને રાષ્ટ્રીય પ્રાણી જાહેર કરવા પ્રશ્ન કાળમાં મુદ્દો ઉઠાવ્યો હતો. શ્રીમતી જયંતિ નટરાજનના સ્વતંત્ર હવાલા આધીનના વન અને પર્યાવરણ મંત્રાલયે જવાબમાં જણાવ્યું હતું કે હાલમાં બંગાળી વાઘ રાષ્ટ્રીય પ્રાણી છે અને તેના સ્થાને એશિયાટિક સિંહને રાષ્ટ્રીય પ્રાણી જાહેર કરવાની કોઈ દરખાસ્ત વિચારણામાં નથી.

ગિરના સિંહો માટે શ્રી નથવાણીના હૃદયમાં અપાર લાગણી છે. પ્રશ્નકાળમાં ત્રીજા નંબરના તારાંકિત પ્રશ્ન તરીકે તેમના આ પ્રશ્નને લેવામાં આવ્યો હતો. આ પ્રશ્ને ખૂબ મહત્વપૂર્ણ ચર્ચા થવાની આશા જગાવી હતી, પરંતુ અડધા કલાકથી પણ ઓછા સમયમાં શ્રીલંકામાં તામીલ વસતીના માનવ અધિકારના મુદ્દે ગૃહમાં થયેલા ઊહાપોહને લીધે પ્રશ્ન કાળ સ્થગિત થતાં શ્રી નથવાણીનો આ અગત્યનો પ્રશ્ન ખૂલ્લી ચર્ચામાં આવી શક્યો નહતો.

જોકે તેનાથી નિરાશ ન થયેલા શ્રી નથવાણી તરત જ મંત્રી મહોદયાને રૂબરૂ મળ્યા હતા, પોતાની માગણી દોહરાવી હતી અને ગિરના સિંહો માટે સરકાર પાસે વધુ ફંડની વિનંતી કરી હતી.

સરકારના લેખિત જવાબમાં જણાવાયું હતું કે ભારતીય વાઈલ્ડ લાઈફ બોર્ડની ૧૯૭૨માં મળેલી બેઠકમાં વાઘને સિંહના સ્થાને રાષ્ટ્રીય પ્રાણી તરીકે પસંદ કરવામાં આવ્યો હતો. વાઘની વૈશ્વિક અગત્યતા અને દેશનાં ૧૬ રાજ્યોમાં તે વિદ્યમાન હોવાના કારણે દેશમાં વાઘોના સંવર્ધનની જરૂરિયાત જણાઈ હતી જ્યારે સિંહ દેશમાં માત્ર ગુજરાત રાજ્યમાં જ છે.

આમ છતાં સરકારે એ બાબતનો સ્વીકાર કર્યો હતો કે ગિર જંગલ એ વિશ્વમાં એક માત્ર એશિયાટિક સિંહોના વસવાટનું સ્થળ છે. ગિર રાષ્ટ્રીય ઉદ્યાન, અભ્યારણ્ય અને બૃહદ ગિરનાં અન્ય ક્ષેત્રોમાં વર્ષ ૨૦૧૦માં કરવામાં આવેલી ગણતરી મુજબ અંદાજે ૪૧૧ સિંહો નોંધાયા હતા. તેમ પણ વધુમાં જણવાયું હતું.

વધુમાં મંત્રાલયે જણાવ્યું હતું કે આયોજન પંચ દ્વારા 'બૃહદ ગિર વિસ્તારમાં એશિયન સિંહોના સંવર્ધન' પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી હતી કે જેનો અમલ ગુજરાત સરકાર દ્વારા કરવાનો હતો. રૂા. ૨૩૬.૯૩ કરોડની કેન્દ્રીય સહાય સહિત કુલ રૂા. ૨૬૨.૩૬ કરોડના ખર્ચે આ પ્રોજેક્ટ અમલમાં મૂકવામાં આવ્યો હતો. આ પ્રોજેક્ટમાં ગિરના જંગલમાં ઈકો-પ્રવાસનને પ્રોત્સાહન આપવા માળખાગત સુવિધાઓ ઊભી કરવાનો સમાવેશ થતો હતો.

શ્રી નથવાણી એ ગિર અભ્યારણ્ય અને એશિયાટિક સિંહોના ચાહક છે અને માને છે કે ગિરના સિંહને એક રાષ્ટ્રીય પ્રાણી તરીકે ગણવા માટેના નક્કર કારણો છે. તેમણે કહ્યું કે આપણા રાષ્ટ્રીય મુદ્રાલેખમાં પણ સિંહોની પ્રતિકૃતિ છે જે એક માત્ર મજબૂત કારણ સિંહને રાષ્ટ્રીય પ્રાણી જાહેર કરવા માટે પૂરતું છે. વધુમાં તેમણે જણાવ્યું કે ગિરના સિંહોના હિતમાં તેઓ અવારનવાર પ્રશ્નો ઊઠાવતા રહેશે. તેમણે કહ્યું કે જેમ પ્રધાન મંત્રીની અધ્યક્ષતામાં 'ટાઈગર પ્રોજેક્ટ' ચાલે છે તે જ પ્રમાણે એક વધુ સત્તા ધરાવતા 'પ્રોજેક્ટ ગિર લાયન' પણ હોવો જરૂરી છે.

★ ★ ★